# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૫૦ ઇલેક્ટ્રિક બસની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયાની મૂદત પૂર્ણ ; હવે ટેકનિકલ મૂલ્યાંકન થશે: મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની

**તારીખ: ૧૬-૦૨-૨૦૧૯**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને શ્રેષ્ઠ પરિવહન સુવિધા માટે અને શહેરના પર્યાવરણની પણ જાળવણી થઇ શકે તેવા ઉમદા આશયથી નવી ૫૦ ઇલેક્ટ્રિક બસની ખરીદી કરવા માટેની ટેન્ડર મંગાવવાની મૂદત ગઈકાલે તા. ૧૫-૨-૨૦૧૯ ના રોજ પૂર્ણ થઇ છે તેમ મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

મ્યુનિ. કમિશનરશ્રીએ વિશેષમાં ઉમેર્યું હતું કે, ફિઝિકલ ટેન્ડર રજુ કરવાની નિર્ધારિત સમયમર્યાદા ગઈકાલે પૂર્ણ થયેલ છે, અને ત્રણ એજન્સીઓએ ટેન્ડર રજુ કરી પોતાનો રસ દાખવ્યો છે, જેમાં ટાટા મોટર્સ, જે.બી.એમ. ઓટો લિ. અને Evey Trans પ્રા. લિ. નો સમાવેશ થાય છે. આ ત્રણેય કંપનીઓના ટેન્ડરનું આજથી ટેકનિકલ કન્સલ્ટન્ટ મારફત ટેકનિકલ મૂલ્યાંકન શરૂ કરવામાં આવેલ છે. આ કામે ક્વાલીફાય થનાર એજન્સી પાસેથી પ્રૂફ ઓફ કન્સેપ્ટ (પી.ઓ.એફ.) અંગે ડેમો મેળવવામાં આવશે. ત્યારબાદ પ્રાઈસ બીડ ખોલવામાં આવનાર છે.

કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ વધુમાં કહ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપયોગમાં લેવામાં આવનાર ઇલેક્ટ્રિક બસ સંપૂર્ણપણે પ્રદૂષણમુક્ત હોય છે અને તેનાથી શહેરના પર્યાવરણની જાળવણીમાં પણ સારૂ એવું યોગદાન આપી શકાશે. સાથોસાથ નાગરિકોને પણ સ્વચ્છ, સુઘડ અને સુંદર બસમાં પરિવહન કરવાની સુવિધા પાપ્ત થશે.

**(જન સંપર્ક અધિકારી)**